ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪, તેમાં સુધારો કરવા બાબત.

. શિ. બોર્ડ
ગર
OCT 2004
નવર્ડ નંબર 3345

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૦૩/૨૫૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. /૯/૨૦૦૪
4 OCT 2004

**વંચાણમાં લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૦/૭/૯૬નો ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૯૬/૪૯૨/ગ

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૧૬-૯-૦૩ ના પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે-૬/૧૩૨૬૩.

**ઠરાવ :-**

ઉપર આમુખ ક્રમાંક (૧) માં જણાવેલા આ વિભાગના તા.૩૦-૭-૯૬ ના ઠરાવથી બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સુપરવાઇઝરની જગ્યા માટેના નોર્મ્સ બાબતમાં કરેલ જોગવાઇઓને અનુરૂપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં તે મુજબ સુધારો કરવાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ઉપર આમુખ ક્રમાંક (૨) માં જણાવેલા તા.૧૬-૯-૦૩ ના પત્રથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક



Scanned by CamScanner

શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક ૧૯(૫), ૧૯(૫)(૧), ૧૯(૫)(૨) અને ૧૯(૫)(૩) આ સાથે જોડેલ પત્રકના કોલમ (૩) માં હાલની જોગવાઇ સામે કોલમ (૪) માં નિર્દિષ્ઠ કરેલ જોગવાઇ મુજબ સુધારવાનું આથી સરકાર ઠરાવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનહર આર.ચૌધરી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુ.રા., ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (સંબંધિતોને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (સંબંધિત શાળાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ, રાયખડ, અમદાવાદ-૧.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ, રાયખડ, અમદાવાદ-૧.
- વિભાગની છ અને ગ.૧ શાખા.
- સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી, સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner

| ક્રમ (૧) | વિનિયમ ક્રમાંક (૨) | વિનિયમની હાલની જોગવાઇઓ (૩) | સુધારેલ જોગવાઇઓ (૪) |
|---|---|---|---|
| ૧ | ૧૯(૫) | દશ કરતાં વધારે વર્ગોવાળી રજિસ્ટર થયેલી શાળાના સંચાલકો, અધિકારીની મંજુરીથી ઉપરીના હાથ નીચે સુપરવાઇઝરો નીમી શકશે. | આઠ કરતાં વધારે વર્ગોવાળી રજિસ્ટર થયેલી શાળાના સંચાલકો, અધિકારીની મંજૂરીથી ઉપરીના હાથ નીચે સુપરવાઇઝરો નીમી શકશે. |
| ૨ | ૧૯(૫)(૧) | ૧૦ અથવા ૧૦ કરતાં ઓછા વર્ગોવાળી શાળામાં સુપરવાઇઝરની જરૂર નથી. | ૮(આઠ) અથવા ૮(આઠ) કરતાં ઓછા વર્ગોવાળી શાળામાં સુપરવાઇઝરની જરૂર નથી. |
| ૩ | ૧૯(૫)(૨) | ૧૧ થી ૨૦ વર્ગ સુધી એક સુપરવાઇઝરની. જગા મળવાપાત્ર થશે. | ૯(નવ) થી ૧૬ (સોળ) વર્ગ સુધી એક સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે. |
| ૪ | ૧૯(૫)(૩) | ૨૧ થી વધુ વર્ગો માટે બીજા સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે. કોઇપણ સંજોગોમાં શાળામાં બે થી વધુ સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે નહિ. | ૧૭(સત્તર) અથવા તેથી વધુ વર્ગો માટે બીજા સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે. કોઇપણ સંજોગોમાં શાળામાં બે થી વધુ સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે નહિ. |

Scanned by CamScanner